રજૂ તારીખ : ૨૩/૦૨/૨૦૨૫
દાખલ તારીખ : ૨૩/૦૨/૨૦૨૫
ફેસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સમય ગાળો :૦૦ ૦૦ ૧૭
વર્ષ માસ દિવસ

---

**મહીસાગરના મે. એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. લુણાવાડા**

---

ફોજદારી કેસ નંબર :– ૧૮૬/૨૦૨૬
આંક :– ૧૧

ફરીયાદી : શ્રી સરકાર,
વિરૂધ્ધ
આરોપી : ભીખાભાઈ ધુળાભાઈ પગી ઉ.વ.૬૩
રહે. ખાતુપગીના મુવાડા, તા.કોઠંબા, જી.મહીસાગર

**ગુન્હો :– ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ– ૬૫ એએ**

.................................................................................................

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી :– એસ.એસ. પંડયા
આરોપી તરફે વિ.વ.શ્રી :– આર.કે.ભોઈ

.................................................................................................

**–: જજમેન્ટ :–**

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ : ૨૩/૧૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૯/૦૦ વાગ્યે મોજે ખાતુપગીના મુવાડા ગામે પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના ઘરમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લીટર ૦૩ કિં.રૂા.૬૦૦/– નો ગેરકાયદેસરનો રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુનો કરેલ છે, જેથી ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપતા, તપાસના અંતે સંબંધિત પોલીસ સ્ટેશનનાં તપાસ કરનાર અમલદારે આ કામના આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ

નામદાર કોર્ટમાં ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫ એએ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા, આરોપીને સમન્સની બજવણી થઈ હાજર થતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યાબાદ આ કામનાં આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુના સંબંધે આંક – ૩ થી તહોમતનામું ફરમાવી આંક –૪ થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી ન્યાયીક કાર્યવાહી દરમ્યાન નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ :–**

| અ. નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | કીરણકુમાર જીવાભાઈ ભરવાડ | પંચ | ૭ |
| ૨ | વિજયભાઈ સોમાભાઈ | ત.ક.અ. | ૯ |

**દસ્તાવેજી પુરાવાઓ :–**

| અ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | પંચનામુ | ૮ |

(૪) આ કામે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી વધુ પુરાવો રજુ કરવા માગતા ન હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો. આ કામે આરોપી તર્ફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો વિગતવાર સાંભળી જે પુરાવાના મુલ્યાંકનમાં સમાવેશ કરેલ હોવાથી પુનરાવર્તન કરેલ નથી.

(૭) આ કામે પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લીધા બાદ મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે :

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ : ૨૩/૧૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૯/૦૦ વાગ્યે મોજે ખાતુપગીના મુવાડા ગામે પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના ઘરમાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારૂ લીટર ૦૩ કિં.રૂા.૬૦૦/– નો ગેરકાયદેસરનો રાખી પોલીસની રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શુ હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**–// કારણો //–**

મુદ્દા નં.૧ :

(૯) આ કામે ફરિયાદપક્ષે આંક–૭ થી પંચ સાહેદ કીરણકુમાર જીવાભાઈ ભરવાડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ મુદ્દામાલ રીકવરીનાં પંચનામાના

પંચ સાહેદ છે. તેઓની જુબાની વંચાણે લેતા પોલીસે એક તૈયાર પંચનામામાં પંચ તરીકે તેઓની સહીઓ લીધેલ છે તેમજ પંચનામા વિશે કશુ જાણતા નથી. તેઓ પંચનામામાં પોતાની ફકત સહી જ ઓળખી બતાવે છે. તેમજ પંચ સાહેદ આંક–૮ વાળા મુદ્દામાલ રીકવરી પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરીને કોર્ટની પરવાનગીથી ફરીયાદપક્ષે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોવાથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારક પુરાવો મળી આવતો નથી.

(૧૦)આ કામે ફરિયાદ પક્ષે આંક–૯ થી તપાસ કરનાર અમલદારશ્રી/ફરીયાદી વિજયભાઈ સોમાભાઈ ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. તેઓ આરોપીને ઓળખતા હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે અને તેમણે આંક–૧૦ થી ફરીયાદ રજુ કરેલ છે. તેમજ તેમણે પોતાની સરતપાસમાં પી.એસ.ઓ.શ્રીએ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેમને સોંપેલ હોવાની, તેમણે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હોવાની તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાથી તેમણે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવે છે. તેમણે તેમની ઉલટ તપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ સરનામાં જણાવેલ નથી. બનાવ વીસ્તાર રહેણાંક વાળો વીસ્તાર છે. આ કામે રેઈડ દરમ્યાન કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. આ કામે ઘર અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નથી. તેમજ બધા સાહેદો તેમના સ્ટાફના માણસો છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. ફરીયાદી તેઓ પોતે જ અને તપાસ પણ તેઓએ જ કરેલી. અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૨) સદરહુ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતા, આ કામે પંચ સાહેદ રૂબરૂ આ કામનાં આરોપીનાં કબજાના રહેણાંકના ઘરમાં દેશી દારુ ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશીદારૂ મળી આવેલ હોવાનો ફરિયાદ પક્ષનો કેસ છે, પરંતુ પંચ સાહેદોની હાજરીમાં મુદ્દામાલ રીકવર થયેલાની હકીકતને તથા મુદ્દામાલ રીકવરી પંચનામું થયેલાની હકીકતને પંચ સાહેદ ઈન્કાર કરે છે, જેથી વાંધાજનક મુદ્દામાલ આરોપી ના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થતુ નથી. જેથી એફ.એસ.એલ. માં મોકલાવેલ પ્રતિબંધિત મુદામાલ તે જ હતો કે કેમ તે અંગે પણ શંકાસ્પદ છે.

જયારે ફરિયાદપક્ષનાં કેસમાં આરોપીનાં કબજાના રહેણાંકના ઘરમાંથી ગેરકાયદેસર અને પાસ પરમીટર વગરનો દેશી દારૂ મળીઆવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય – સ્થળ ઘ્યાને લેતા, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. અન્વેષણ દરમ્યાન પંચનામાના સાહેદ સિવાય સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીઘેલા છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદ પક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી તેમજ સદર પોલીસ સાહેદોની હકીકતને સ્વતંત્ર સાહેદોનાં પુરાવા રજુ કરાવી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન અપાવેલ નથી.

આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ ઘ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિઘ્ઘાંતો ઘ્યાને લઈએ તો જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદ પક્ષ ઘ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, જયારે ફરિયાદ પક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગરનો દેશી દારૂ મળી આવ્યાનો કેસ હોય તેમજ મુદ્દામાલ રીકવરી પંચનામામાં પંચ સાહેદ પોતાની હાજરીમાં પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરતા હોય તેમજ પોલીસ ઘ્વારા ખરેખર તટસ્થ અને ચોકકસ તપાસ

થયેલ હોવાની હકીકત શંકાસ્પદ હોય, ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોવાનું ઠરાવી મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// <u>હુકમ</u> //–**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧ (૨) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫ એએ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ કબજે કરેલ મુદ્દામાલ દેશીદારુ તથા પ્લાસ્ટીકનું કેનનો નિયમ મુજબ નાશ કરવો.

(૩) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સ્થળ : લુણાવાડા

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા
કોડ નં. જી.જે.૦૧૬૬૪